સાલ : ૧૭ / સિલસિલાવાર નંબર : ૧૫૪ / શુમારો : ૪
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
કુલ પાના - ૧૬

# مشكوة الهادي
MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.
રજબુલ અસબ - શાઅબાનુલ કરીમ ૧૪૪૧ / માર્ચ - એપ્રિલ ૨૦૨૦

## વાયરસ

અલ્લાહતઆલાની કુદરત હર જગા પર છે અને હર ચીઝના ઉપર છે, પછી તે આસ્માન હોય કે ઝમીન હોય. તેનો કબ્ઝો એવો સખ્ત અને ભારી છે કે, કોઈ તેમાંથી છટકી શકતું નથી. જિસ્માની આલમની બનાવટ-તખ્લીક જ એવી છે કે, તે હમેશા બદલાયા કરે છે. મૌસમ, જગા, આબોહવા અને અનાજના સબબ તેના મિઝાજમાં ઉંચનીચ આવા જ કરે છે. આ આલમમાં કોઈ પણ વારેદાત અને વાકેઆત નવા નથી, તે થાયા જ કરે છે. દુનિયાવી વાકેઆતના ઝરીએ અલ્લાહતઆલા એની મખ્લૂકને ઈમ્તેહાનમાં ઉતારે છે, કસોટી પર ચઢાવે અને આઝમાઈશના ચક્કરમાં ફિરાવે છે.

કુરઆને કરીમમાં આ બયાની અને હકીકતનો અક્સ મિલે છે. તે એ છે કે, જે વક્ત અલ્લાહતઆલા એની મખ્લૂક માંથી ઈન્સાનનો ઈમ્તેહાન લેવાનો ઈરાદો કરે છે, તો તે તમામ કરતા શદીદ અને ઈબ્રતઆમોઝા હોય છે. જેથી ઈન્સાનને તેની હૈસીયત અને જગાની ખબર પડે. તે કેટલો લાચાર અને મજબૂર છે, તેનું તેને ભાન થાય. કુદરતના મઝબૂત હાથમાં તે એક ખિલૌના જેવો છે, તેનો તેને અહેસાસ થાય. મગર ઈન્સાનની તબીઅત અને દિમાગ એવું છે કે, તે આ હકીકતને ભુલી જાય છે. દૌલત, ઈલ્મ અને મદદગારોના ધોકામાં તે તમામ ચીઝ કરવાની તાકત રાખે છે, તેના ખોટા ભ્રમમાં હમેશા પડેલો રહે છે. ફખર, તકબ્બુરી, તુમાખી અને હુંપણાનો "**વાયરસ**" તેની આદત માંથી જાતો નથી. રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "**શરાબ, અદેખાઈ, દેખાદેખી અને ઘમંડ દુનિયાની નાપાકીઓની માઁ છે.** " આ ચાર નાપાકીથી જ ઈન્સાન ગુનાહમાં ગિરફ્તાર થાય છે.

"**વાયરસ**" તેને કહેવાય કે પોતે એકલો જીવી શકતો ન હોય, તેને રહેવાને વાસ્તે કોઈ સહારાની ઝરૂરત પડે છે. કોઈ જિસ્મ કે માધ્યમની ઝરૂરત પડે છે. આ અલગ-અલગ ઝરીયાઓથી-માધ્યમોથી વાયરસ સફર કરે, આગલ વધે, જગા બદલાય, મૌસમ બદલાય, તેમ તે તેની સૂરત પણ બદલતો રહે છે. આના સબબ વક્ત જાતા તેનાથી થાતા અસરાત અને જિસ્માની બીમારીની શિદ્દત પણ બદલાય છે. ખુલ્લી આઁખે આ વાયરસ-શયતાન જોઈ શકાતો નથી. પણ જે શખ્સ પર તે એટેક કરે છે, તે બીમાર થઈ જાય છે અને શાયદ તેને મૌત પણ આવી જાય છે. જો કોઈને શદીદ બુખાર હોય અને ડોક્ટરને નઝદીક જાવાની નૌબત આવે તો અકસર કરીને એમ સાંભલવા મિલે છે કે, આને તો **વાયરલ ઈન્ફેક્શન** થયું છે. આ ઈન્ફેકશનનો તાવ જિસ્મ માંથી બધી જ તાકત લઈ જાય છે. જાણે કે ઈન્સાન બેજાન અને બેઆબ બની જાય છે.

હાલમાં ચંદ મહીનાથી ચીનની ઝમીનથી માથું ઊંચું કરનાર કોરોના વાયરસની કૈફીયત પણ આ જ મુજબની છે. તેની ચપેટમાં આવીને હઝારો લોગો હલાક થઈ ચુકા છે. શહેરોના શહેરો તબાહીના કિનારે બેસેલા છે. પૂરી દુનિયામાં તેના સબબ ડર, બેચૈની અને ફફડાટ છે. વેપારના દાયરા તંગ બની ચુકા છે. આમ તૌર પર થાતો તાવ, ખાંસી, શરદી અને કફ પણ ડર ઊભો કરી દે છે. ચીનની પૂરી મેડીકલ સિસ્ટમ દાવ પર લાગેલી છે. વેપાર અને પ્રોડકશનના બલ પર પૂરી દુનિયા પર રાજ કરનાર ચીનની આજે એવી ખોખલી હાલત થઈ ચુકેલી છે કે, કોઈ ચીન જાવા તૈયાર નથી.
(બકીયાહ પેજ નં. ૨ પર)

**નમનતાઈ તે શખ્સ વાસ્તે હોય છે કે જે ઈઝ્ઝત કરે.**

(પેજ નં. ૧ નું બાકી)

આ છે ઝમાનાનો ઈન્કેલાબ અને વક્તની કરવટ. અલ્લાહતઆલાની થપ્પડ ઘણી જ શદીદ હોય છે મગર તેમાં આવાઝ હોતો નથી. આ તરહની વારેદાત કે, જેમાં કુદરત પોતાનો જલ્વો બતાવે છે તેમાં ઈન્સાન વાસ્તે ઈબરતના પૂરા ખઝાનાઓ ભરેલા છે.

આ જહાનમાં જેટલી નવી-નવી બીમારીઓ સતેહ પર આવે છે અને તેના ખૌફનાક નતીજા ઝાહિર થાય છે, તો શું આ બધું પહેલા ન્હોતું! બિલકુલ હતું. આ બીમારીઓ નવી નથી મગર હઝારો સાલથી ચાલતી આવી છે. આજે લેબોરેટરીમાં મુખ્તલિફ ઈલેક્ટ્રોનીક સાધનોથી તેની મૌજૂદગી સાબિત થઈ જાય છે અને તેના ઈલાજ વાસ્તે સેંકડો લોગો કામે લાગી જાય છે. આ સાથે આલમમાં તેના અખ્બાર એક પલક-ઝપકમાં ફેલાઈ જાય છે. **મીડીયા-ઈન્ટરનેટ એ આ કામ વધારે આસાન બનાવી દીધું છે.** પહેલેના વક્તમાં પણ આ તરહની હૈરતઅંગૈઝ મહામારી થાતી હતી, જેમાં હઝારોની ગિન્તીમાં લોગો પોતાનો જાન ગુમાવતા હતા. પણ તેની ખબર શાયદ જ લોગોને થાતી હતી. યમન, આફ્રીકા, મિસિર, યૂરોપ જેવા મુલ્કો આ તરહની બીમારીઓથી ગુઝરી ચુકા છે. હઝારો સાલો તક આ મિસિલની જાનલેવા બીમારીઓના ઝર્રાતો કણ-જીન્સ દરિયાઈ પાનીમાં, બરફીલા ઈલાકાઓમાં, નહેરોના પાનીમાં, જંગલોમાં સડેલા પત્તાઓમાં, શહેરો માંથી ફેંકાતા કચરામાં મિલેલા - દટાયેલા - દબાયેલા રહે છે. બરાબર માધ્યમ-કેરીયર મિલવાથી તે ફિઝા-માહૌલમાં ફેલાઈ છે અને આમ બીમારીના દરવાઝા ખુલી જાય છે.

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, તમેં જમો પણ તે જમન પાકો સાફ અને હલાલ હોવું જોઈએ. ખરાબ જમન શયતાનના નાપાક કદમ મુજબ છે, જે ઈન્સાનની તબીઅત પર નુકસાનદેહ અસરાત છોડી જાય છે. હલાલ અને પાક જમન જમવાની એહમીયત દીને ઈસ્લામમાં એ સબબથી છે કે, બહેતર જમન જમવાથી ઈમાનદારના ફિકરો ખયાલ, નઝરીયા અને આઅમાલની તરકીબ પણ પાકો સાફ થાય છે. લોગો દરમિયાન આ વાત રોશન છે કે, જે ચીની લોગોમાં કોરોના વાયરસનો કહેર બરપા થયો, તેઓ શું જમતા હતા? અરે! જમવાની વાત તો ઘણી દૂર છે, પણ તે ચીઝો આઁખોં પણ જોવા વાસ્તે કુબૂલ ના કરે, એવી હાલત ચીની લોગોના જમવાની છે. કૂતરા, બીલાડાં, ઉંદર, ચામરચિત, સાપ, મગર, સંદાસીયાં વગૈરહ જાનવરોની વાનગીઓ જેનું જમન હોય તેઓ દરમિયાન આ તરહનો વાયરસ ફેલાય તે કઈ અજબ વાત નથી. દીને ઈસ્લામે ઈમાનદારો વાસ્તે તે જ ઝબીહતના જાનવરો હલાલ કીધેલા છે કે, જેનાથી ઈન્સાની જિસ્મ સેહતમંદ રહે.

આ તો તે વાયરસની ઝિક્ર થઈ કે, જેનું લેબમાં ટેસ્ટીંગ થાય અને જેના બદ-અસરાત ઈન્સાની જિસ્મમાં ઝાહિરી તૌરથી નુમાયા થાય. મગર એવો પણ એક વાયસર છે કે, જે ઈન્સાનના ઈમાન-અકીદા પર એટેક કરે છે. તે છે **"ટ્રાયો વાયરસ"**. જિસ્મ તો બરાબર તંદુરસ્ત દેખાય છે પણ આ બીમારી તેના નફસમાં પૈવસ્ત થઈ જાય છે. **આ વાયરસ નફસ માંથી ઈમાનની રૂહ અને અકીદાની તાકત ખેંચી લે છે.** તે એકલો રહી શકતો નથી, એટલે નફસના કમ્ઝોર અને ઝહેનના બેવકૂફ શખ્સનો સહારો લે છે અને તેના પર સવાર થઈને તેના જેવા બીજા કમ્ઝોરો દરમિયાન તેનું ઈન્ફેકશન ફેલાવે છે. હવે ઈન્ફેકશન થયું હોય તો તે ઝાહિર તો થાવું જ જોઈએ.

• શીઅયાને અલી, મુમેનીન-મુખ્લેસીન જાણે છે કે, આ ટ્રાયો વાયરસ શું છે અને તેની નિશાનીઓ કઈ કઈ છે. કૌન-કૌન કમ્ઝોરો આની ચપેટમાં આવી ગયા છે અને અપનું બોહરાપણું છોડી દીધું છે. મુમેનીનને પૂછવામાં આવે તો તેની નિશાનીઓ ફૌરન બતાવી શકે છે. મુખ્તસર ઝિક્ર કરીએ તો આ ઈન્ફેકશનના અસરાત આ મુજબ હોય છે :

(બકીયાહ પેજ નં. ૩ પર)

**રોઝા તે શખ્સ વાસ્તે હોય છે કે જે સબર કરે.**

(પેજ નં. ૨ નું બાકી)

- લિબાસ પહેરવાની આદતમાં
- વુઝૂ કરવાની ઢબમાં
- નમાઝની તરતીબ અને તરીકામાં
- નમાઝ પઢવાની જગામાં
- ઈદ મનાવવામાં
- ગુઝરનારને દફન કરવામાં અને તે પછી કબરના અરકાનમાં
- શહરૂલ્લાહના હુકૂકમાં
- કોઈની સાલગિરાહ કે ઉર્સના મૌકાઓમાં
- શાદીની રૂસૂમાતમાં
- દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ની કદમબોસીમાં
- પહેલી રાત અને પહેલી તારીખની મુબારકબાદી આપવામાં
- બૈરોના ઘરેલૂ કિરદારમાં
- રજબમાં મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની વિલાદત અને નાફેલતના રોઝા રાખવામાં
- ફાઝિલ રાતો અને અય્યામની નાફેલતની નમાઝ પઢવામાં
- જમન જમવાના તરીકામાં
- તરીખી અહેમીયત અને ફઝીલતવાલા અવસરો પર મખ્સૂસ વાનગી-પકવાન બનાવવામાં
- મોહર્રમુલ હરામની અશરહ મુબારકહની મજલિસમાં
- સૈયેદુશ્શોહદા મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ની ઝિક્ર અને મસાઈબ પર રોવામાં, આહોઝારી અને માતમ કરવામાં
- મૌલાના અલી (અ.સ.) ની રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના દસ્તે મુબારક પર ૧૮ ઝુલહિજ્જહના દિન તાજપોશી, બયઅત અને ઈદે વલાયત મનાવવામાં
- કુરઆને કરીમની તાવીલ અને બાતિની સૂરત માનવામાં
- યૌમે કેયામત શફાઅત થાશે તે કુબૂલ કરવામાં
- જેમ મરદો ફિતરી સુન્ત કરાવે છે તેમ બૈરોની ફિતરી સુન્નતને માનવામાં
- જમન અને સંડાસની અદબો માનવામાં
- ગુફતગૂ અને સલામની અદબો માનવામાં
- કુરબાનીને વક્ત વસીલો લેવામાં
- તમામને નહીં પણ આલે મોહંમદ (સ.અ.) ના ઈમામ જ, હક્કના ઈમામ કહેવાય તે માનવામાં
- મગફેરત વાસ્તે શીરની અને નિયાઝ તકસીમ કરવામાં
- આલે મોહંમદ અને એમના દોઆત (રિ.અ.) ની મદહખ્વાની કરવામાં
- બીજા મઝહબના લોગોની રૂસૂમાતનો એહતેરામ કરવામાં
- મકામાતે મુકદ્દેસાત અને ઝિયારતે તાહેરહ વાસ્તે યાઅની કે કરબલા, નજફ, બયતુલ મુકદસ, યમન, મિસિર, અમ્માનની સફર કરવામાં

(બકીયાહ પેજ નં. ૧૦ પર)

**ઈબાદત તે શખ્સ વાસ્તે હોય છે કે જે તકવા કરે.**

## ઈબરતનાક અહાદીસે બની ઈસરાઈલ – બની ઈસરાઈલની સબકઆમોઝ કહાનીઓ
### કિસ્ત - ૪૫

**હંમેશા ખુદાતઆલાની મશીયત પર ભરોસો રાખો. કોઈની ગીબત અને બેકારના સવાલાતથી બચતા રહો.**

ખુદાતઆલાએ મુમિનની પૈદાઈશ અનોખી અને ગૈરમાઅમૂલી કીધી છે. તેની મિસાલ બીજા લોગોથી ના આપી શકાય. કેમકે, તે મુમિનનો આ દુનિયામાં આવવાનો મકસદ બીજા કરતા ખૂબ આઅલા છે, અફઝલ છે. તેને લગતી હર એક ચીઝમાં બીજા વાસ્તે ઈબરત છે, સબક છે. જે વક્ત હમેં કોઈ ઘરની તરફ નઝર કરીએ છીએ તો તેના ૬ પાંસાઓ હોય છે. આના સિવાયનું ઘર, ઘર કહી શકાતું નથી. તેમાં ચાર દીવાર, છત અને ઝમીન હોય છે.

ઈમામે આલે મોહંમદ (સ.અ.) ફરમાવે છે કે, "મુમિન એક ઘર મુજબ છે. તે ઘર ખુદ તેની ઝિંદગી છે. એક ઉમ્દા ઘરની મિસિલ આ ઝિંદગી પણ ૬ આઅલા ચીઝોથી બનેલી છે. આ ૬ ચીઝો આ મુજબ છેઃ **૧) ઈબાદત ૨) તવક્કુલ ૩) ઈતાઅત ૪) યકીન ૫) ખિદમત અને ૬) ઈખ્લાસ.** ઈબાદત અગર મુમિનની ઝિંદગીના ઘરની છત છે તો તવક્કુલ તેની ઝમીન છે. ઈતાઅત અગર તેના દરવાઝાની દીવાર છે તો ખિદમત તેની બારીની દીવાર છે. યકીન અગર તેના કિબ્લા તરફની દીવાર છે, તો ઈખ્લાસ તેમાં સુકૂન સાથે બેસવાની જગા છે. ઘરની મઝબૂતીનો દારોમદાર ઝમીન હોય છે અને તેમાં સુકૂનો ઈત્મિનાન વાસ્તેનો સબબ છત હોય છે. દીવારો કે, જે ઘરની સલામતી વાસ્તે હોય છે તે ઝમીન પર ઉભેલી હોય છે. યાઅની એમ કહી શકાય કે, મુમિનની ઈતાઅત, યકીન, ખિદમત અને ઈખ્લાસની જડો તેનો ખુદાતઆલા ઉપર તવક્કુલ કેટલો છે, તેમાં પૈવસ્ત હોય છે. તો આથી એ વાત ઝાહિર થાય છે કે, મુમિનની ઝિંદગીનું ઘર તવક્કુલની ઝમીન પર ઉભેલું છે.

મુમિનની આદત એ હોવી જોઈએ કે, હર વક્ત તેના વિર્દે ઝબાન " **તવક્કલતો અલલ્લાહ** " યાઅની મારો ભરોસો ખુદાતઆલા ઉપર છે, એમ હોવો જોઈએ. અંબિયા (અ.સ.) પણ પોતાની ઝિંદગીમાં આ જ વિર્દ કરીને ગયા છે. આ વિર્દ પહેલા તેઓ " **લા ઈલાહા ઈલ્લલ્લાહ** " પઢતા હતા. કુરઆને કરીમમાં આ વિર્દની ઝિક્ર મૌજૂદ છે અને આ વિર્દની બરકતથી મુમિનની ઝિંદગીનું ઘર આબાદ થાય છે.

**કિસ્સો**

ખુદાતઆલા ઉપર તવક્કુલ રાખવાનો એક કિસ્સો એ મુજબ કિતાબોમાં વારિદ થયો છે કે, ખુદાતઆલાના હુકમથી સુલેમાન નબીએ આપની બિછાત પર બેસીને હવામાં એક સાલ તક કોઈ ચાલે તેટલી સફર અને ફાસલો તય કીધો. આ સફર દરમિયાન આપે ખુદાની ખિલકતની અજીબો ગરીબ ચીઝોનો મુશાહદો કીધો. તેમાં આપે ઝમીનો આસ્માનના દરમિયાન એક કાફૂરી કુબ્બો-આસ્માની ગુંબદ જોયો કે, જેમાં એક શૈખ-બુઝુર્ગ નમાઝ પઢી રહ્યા હતા. આપે પૂછ્યું કે, અય શૈખ! તમેં આ કુબ્બા-રોઝામાં કેટલા વક્તથી છો અને આ તરહ ખુદાની ઈબાદત કરવાનો સબબ શું છે?

શૈખે જવાબમાં કહ્યું કે, અય ખુદાના વલી! હું આ કુબ્બામાં જે તરહ ખુદાની ઈબાદત કરૂં છું તે આજકાલની વાત નથી. પણ મૌ. યુનૂસ નબીના ઝમાનાથી આ કુબ્બો જ મારૂં ઘર છે. આપે પૂછ્યું કે, આ કુબ્બામાં આવતા પહેલા તમેં કહાઁ હતા? તેએ કહ્યું કે, ઝમીનમાં હું ઈબાદત કરતો હતો. તે પણ એક-બે સાલ નહીં પણ ૬૦૦ સાલથી હું ઈબાદતમાં મશ્ગૂલ હતો. આપે પૂછ્યું કે, આ કાફૂરી કુબ્બામાં આવે તમને કેટલો અરસો થયો?
(બકીયાહ પેજ નં. ૧૦ પર)

**હલાલ રોઝી તે શખ્સ વાસ્તે હોય છે કે જે શુક્ર કરે.**

# અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૯
## અલવી અકીદાઓ - અકીદો - ૧૧, ૧૨ અને ૧૩

**મુકદ્દેમો-પ્રસ્તાવનાઃ**

૨૧ માં ઈમામ સાબેઉલ અશ્હાદ અને કાઅબતુર રૂક્કઈસ સુજ્જાદ અબુલ કાસિમ મૌલાના અત્તૈયેબ (અ.સ.) ના પડદે થાવા પછી યાઅની ઈસ્તેતાર બાદ એક અઝીમ **"ફતરત"** આવી. મુમેનીન વાસ્તે ભારી ઈમ્તેહાનનો વક્ત આવો. દુનિયાના લોગોથી હિદાયતના સૂરજ છુપી ગયા. ઈલ્મો હિકમતની નહેરો સુકાઈ ગઈ. મુમેનીન પર તરહ-તરહની મહેનતો આવી પહોંચી. ઈમામ આલી મકામના ફરઝંદો કહેફુત્તકીયામાં ચાલા ગયા. તકીયાની ગારમાં ચાલા ગયા. ઝાહિરી દુનિયાથી મખ્ફી થઈ ગયા. વક્તે ઈસ્તેતારમાં ઈમામુઝઝમાન (અ.સ.) હર વક્ત કુરઆને કરીમની આ આયત પઢતા કે, **"રબ્બના આતેના મિલ લદુનકા રહમતન વહય્યેઅ લના મિન અમરેના રશદા"**, યાઅની અય હમારા પાલનહાર! હમને તારા નઝદીકથી રહેમ બખ્શ અને હમારા અમર-કામને હિદાયતવાલો અને સહેલો કરી આપ.

કરબલાએ મુઅલ્લામાં મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદત બાદ આપની આલે અત્હરના પાક ઈમામો, બનૂ ઉમય્યા અને બનૂ અબ્બાસના ઝાલિમ અને જાબિર હાકિમોના ઝાહિરી સલ્તનત પર આવવાથી અને કત્લની સાઝિશોના ડરથી ગોશા-નશીન થઈ ગયા. ખુદની ઝાતને સતરમાં પડદા પાછલ નાખી દીધી. ખાસ કરીને મૌ. ઈસ્માઈલ (અ.સ.) ના દીકરા ૭, માં ઈમામ મૌ. મોહંમદ (અ.સ.) ના વક્તમાં અને આપના બાદ સખ્ત મહેનત આવી પડી. આ ફતરત અને ઈમ્તેહાનના વક્ત બાદ આફતાબે ઈમામત ૧૧ માં ઈમામ મૌ. અબ્દુલ્લાહ અલ-મહેદી (અ.સ.) મગરિબ-આફ્રીકાથી તુલૂઅ થયા, યાઅની આપે આફ્રીકાના શિમાલી-ઉત્તરી ઈલાકાથી ઝુહૂર ફરમાવો. આપની **આલે અત્હરમાં ૨૭૦ સાલ તક** આફ્રીકાના મોટા ભાગના શહેરોમાં ફાતેમી સલ્તનતની રોનક અને રોશની કાઈમ રહી. ૫૨૮ હિ. માં દુશ્મનોંએ બગાવતનું માથું ઊંચું કીધું અને આના સબબ ૨૧ માં ઈમામ સતરમાં પધારી ગયા. ફાસિદો-ફિત્નાપરસ્ત લોગોએ મિસિરમાં ફાતેમી મહેલોં પર ઝોરદાર હમ્લો કીધો અને સલ્તનત પર ગાલિબ આવી ગયા. ઝુલ્મત-અંધકાર અને ઝુલ્મ-નાઈન્સાફીના વાદલો હર જગે ઘટ્ટ થાવા લાગા. હક્કના ખિલાફ બાતિલ-પરસ્ત હાકિમોનું ઝોર વધવા લાગું અને દૌરે શયતાની શુરૂ થયો.

જે મુજબ દિન પછી રાત આવે અને રાત પછી દિન આવે, તેમ ઝુહૂર પછી સતર અને સતર પછી ઝુહૂરનો ઝમાનો આવે છે. આ કાનૂને ઈલાહી પર અપનો અકીદો સાબિત છે. નબીયુલ્લાહ મૌ. દાઊદ (અ.સ.) ફરમાવે છે કે, જે ચીઝ આગલા ઝમાનામાં થઈ ચુકી છે તે પાછી બનશે અને જેનું ઈલ્મ લોગોને પહેલા થયું હતું તેનું જ ઈલ્મ પાછું આવનાર લોગોમાં ઝાહિર થાશે. **યાઅની કે, આ ઝમીનની પીઠ પર અને સૂરજના સાયામાં કોઈ ચીઝ નવી નથી.** થઈ ગયેલી ચીઝ પાછી થાશે.

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) નો કૌલે અલવી છે કે, ફિત્નતો ત્રણ તરહની છે. ૧) ફિત્નતુસ્સર્રા ૨) ફિત્નતુઝઝર્રા અને ૩) ફિત્નતુત્તમ્હીસ. આ ત્રણે ફિત્નતો દુનિયામાં ખૂબ ફસાદ ફેલાવશે. જે વક્ત આ ફસાદ અને ઝુલ્મ એક ઈન્તેહા તક પહોંચશે તો હમારી ઈતરત માંથી એક મરદે મુજાહિદ અને સાહેબે ઈન્સાફ ઝાહિર થાશે અને તમામ ઊમૂર જે બિગડેલા હશે તેને દુરૂસ્ત કરશે. હરએકને વાસ્તે અદલો ઈન્સાફ કાઈમ થાશે. અલ્લાહનો કલેમો બલંદ થાશે અને દોબારહ દીને હક્કની બોલબાલા થાશે.

✳ **"ફિત્નતુસ્સર્રા"** તે વક્ત શુરૂ થઈ કે, રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) આ દુનિયાથી ઈન્તેકાલ ફરમાવી ગયા.
(બકીયાહ પેજ નં. ૬ ૫૨)

**ઈન્સાફ તે શખ્સ વાસ્તે હોય છે કે જે મઝલૂમ હોય.**

(પેજ નં. ૫ નું બાકી)

આપના વસી મૌલાના અલીને છોડીને ફસાદ કરનાર લોગો સકીફામાં જમા થયા અને ફિત્નાની આગ ભડકાવી. નબી સાહેબના અહલુલ બૈત (અ.સ.) ની દુશ્મની-અદાવત દિલમાં રાખીને મુખાલેફતની કુરસી પર ચઢી બેસા. ઉમ્મતે મોહંમદીયહ આના સબબ ખૌફનાક ફિત્નતમાં ગિરફતાર થઈ. મૌ. ફાતેમા (અ.સ.) ની શહાદત બાદ મૌ. અલીને ઝહેરીલી તલવારથી શહીદ કીધા. દુશ્મનોએ મૌ. ઈમામ હસન (અ.સ.) ને ઝહેરથી અને મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ને બૂઠા ખંજરથી ભૂખા-પ્યાસા શહીદ કીધા. કરબલામાં શહાદતનો ગમનાક અને ઈબરતનાક અઝીમ હાદેસો બરપા થયો, યહાઁ તક કે, આપના બાદ મદીનામાં હક્કના ઈમામો અમરે ઈમામત ચલાવતા રહ્યા, દાઅવતે ફાતેમીયહની હિફાઝત કરતા રહ્યા. ઉમ્મતના જાહિલ લોગો પર ગલબો અને કબ્ઝો કરીને બનૂ ઊમય્યહ દમિશ્કથી ઝાહિરી સલ્તનત ચલાવતા રહ્યા અને ઈસ્લામના નામ પર લોગોથી ઠગબાઝી કરતા રહ્યા. ફિત્નાના આ આલમમાં આસ્માને હિદાયતના સિતારાઓ ગુરૂબ થઈ ગયા.

✵ તે બાદ, બગદાદમાં બનુલ અબ્બાસના ફાજિર અને ઝાલિમ સુલ્તાનોના ફિત્નાથી અને મકરો દગાથી "**ફિત્નતુઝ્ઝર્રા**" શુરૂ થઈ. આ સઘલા શયતાનોંએ ધોકેબાઝીથી આલે રસૂલ અને ફરઝંદાને બતૂલને કત્લ કરવાની નાપાક નિય્યત કીધી. જાસૂસગીરી અને ઝુલ્મો સિતમની કોઈ હદ બાકી ના રહી. પાઁચમાં ઈમામ મૌ. જાઅફરૂસ્સાદિક (અ.સ.) બાદ આપની આલે અત્હરના પાક ઈમામોને દર-બ-દર કીધા, તેથી ૭-૮-૯-૧૦ માં ઈમામ તક તમામને મસ્તૂર થાવું પડું. લોગોથી પોતાની શનાખ્તને છુપાવવી પડી. તેમાં મૌ. મોહંમદ, મૌ. અબ્દુલ્લાહ, મૌ. અહમદ અને મૌ. હુસૈન (અ.સ.) શામિલ છે. યહાઁ તક કે, ૨૯૭ હિ. માં આફતાબે હક્ક મગરિબ-આફ્રીકાથી તુલૂઅ થયા. **અલ્લાહના વલીઓ પરથી મઝર્રતો-મુસીબતો દૂર થઈ.** ૧૧ માં ઈમામ મૌ. મહેદી (અ.સ.) ના ઝુહૂરથી ઝુલ્મો સિતમની તારીકી-અંધારી દૂર થઈ અને અલ્લાહનું નૂર ઝાહિર થયું. ૨૭૦ સાલ તક ફાતેમી સલ્તનત શેમાલી આફ્રીકામાં અને મિસિરમાં સાબિત રહેવાથી ઈલાહી દાઅવતનો સિતારો બલંદ રહ્યો.

✵ તે બાદ, ૨૧ માં ઈમામ મૌ. અબુલ કાસિમ અત્તૈયેબ (અ.સ.) ના મિસિરથી સતરમાં જાવાથી અને આપના બાદ આપની આલે અત્હર પર ઝુલ્મો જફા થાવાથી "**ફિત્નતુત્તમ્હીસ**" શુરૂ થઈ. અલ્લ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "લેયોમાહહેસલ્લઝીના આમનૂ વ યમ્હકલ કાફેરીન", યાઅની, તે વાસ્તે કે અલ્લાહ મુમેનીનને પાક-સાફ કરે અને કાફિરોને મિટાવી દે. સૂરતો આલે ઈમરાનમાં મુમેનીનને ગુનાહોંથી મિસલે કુંદન પાકીઝા બનાવવાની અને કાફિરોને તેના બદરવૈયાથી હલાક કરવાની ઝિક્ર છે.

રસાઈલે ઈખ્વાનુસ્સફાના માલિક ૯ માં ફાતેમી ઈમામ મૌ. અહમદ અલ-મસ્તૂર (અ.સ.) ફરમાવે છે કે, જાણ તું, અય મારા ભલા ભાઈ! આ મુદ્દત અને ફિત્નતમાં અલ્લાહતઆલા ખબીસને તૈયેબથી અલગ કરે છે અને હક્કના દીનના આલિમોના દરજાઓને બલંદ કરે છે. આ બલંદીનો સબબ એ છે કે, તેઓ સબર કરીને અને રાહે ખુદામાં મુસીબતો ઝેલીને સવાબના તલબગાર થાય છે. તું આ વાતનો ઈન્કાર ના કર કે, ઝમાનામાં હમેશા સફાઈ-પાકી જ રહે છે યા નાપાકી જ હોય છે. બલકે, નાપાકી વધારે હોય છે કે, જેના હોવાથી લોગોને સફાઈ-તહારતની માઅરેફત થાય છે. **ઝુલ્મ હોય તો અદલની કદર થાય, તેની કીમત માઅલૂમ પડે.** કોઈ બીમાર, તેની બીમારીમાં મુબ્તેલા હોય તો સેહતયાફતા શખ્સને તંદુરસ્તીની એહમીયતની આશનાઈ થાય. આ વક્ત સખ્ત ઈમ્તેહાનનો ઝમાનો હોય છે. સુખ-દુઃખમાં તે લોગો જ સબર કરી શકે છે કે, જે ઈમાનમાં પાકા હોય અને આ સિફતના મુમેનીન અલ્લાહના હુકમ-કઝાના સામે પોતાના સરોને ઝુકાવીને રાખે છે. હર ફેસલાને ખુશી-બ-ખુશી ઈત્મિનાને દિલથી તસ્લીમ કરે છે.

(બકીયાહ પેજ નં. ૭ પર)

**તાઅલીમ તે શખ્સ વાસ્તે હોય છે કે જેની તરબીયત થઈ હોય.**

(પેજ નં. ૬ નું બાકી)

પાઁચમાં ઈમામ મૌ. જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, આ જહાનના આખિરી ઝમાનમાં હમારી આલના ઈમામ સતરમાં જાશે, લોગોના દરમિયાનથી પોતાની શખ્સીયતને છુપાવી દેશે. એના બાદ ઉમ્મત ગુમ્રાહ થઈ જાશે, યહાઁ તક કે, એમ કહેવાશે કે, ખૈર લોગો મરી ગયા, હલાક થઈ ગયા, કઈ વાડીમાં જઈને છુપી ગયા. એવી હાલતમાં મુમિન ચાહશે કે, તેનું ઈમાન સલામત રહે, તો તેને લાઝિમ છે કે, પોતાના ઈમામના કલામને વિલગીને રહે. પોતાના ઈમામ હક્ક છે, તે સમઝીને અમલ કરે, તો તેનું ઈમાન સલામત રહેશે.

**અકીદો ૧૧ : અલ્લાહતઆલાનું કોઈ નામ નથી અને તે હર સિફતથી આઝાદ છે, બરી છે.**

અલ્લાહતઆલાનું કોઈ નામ નથી અને કોઈ પણ નામને માતહત એની પહેચાન આપવી યા નિશાની ઝાહિર કરવી તે નામુમ્કિન છે, બાતિલ છે. નામ તો આ ખિલ્કતમાં હરએક પૈદાશુદા ચીઝને પહેચાનવાનો એક ઝરીઓ છે. નામના સબબ કોઈ પણ ચીઝ તેના જેવી દેખાતી ચીઝથી અલગ પડે છે. આ હુજ્જત અલ્લાહતઆલા વાસ્તે નથી, એ વાહિદ છે, એક છે, એના જેવો બીજો કોઈ નથી કે, એને બીજાથી અલગ કરી શકાય.

મખ્લૂકમાં ઘણો જ ઈખ્તેલાફ છે. આ ઈખ્તેલાફ સૂરતમાં, શિકલમાં, જિસ્મમાં, મિઝાજમાં, રંગમાં, મકાનમાં, માહૌલમાં અને વક્તમાં નઝર આવે છે. લેહાઝા હરએક ચીઝ તેના જેવી બીજી ચીઝો કરતા યા તો બહેતર હોય છે યા તો બદતર હોય છે. આ તરહ તેને એક મખ્સૂસ નામ અપાય છે કે, જેથી તેને આસાનીથી ઓલખી શકાય. તેના મુતઅલ્લિક ગુફતગૂ કરવાનું આસાન બને. અલ્લાહતઆલા આ તમામથી બરી છે તેથી એનું કોઈ નામ નથી.

ઈન્સાનની અક્લની તાકત અલ્લાહતઆલાની માઅરેફત કરવામાં ખૂટી જાય છે. પણ દુનિયાવી ચીઝોને તેના નામથી ઓલખવામાં આ જ અક્લની મહેદૂદ તાકત કાફી છે. અલ્લાહતઆલાની કોઈ નફસાની, અક્લી, તબીઈ યા તખ્લીકી સૂરત છે જ નહીં કે, જહાનમાં જે વક્ત બીજી શિક્લો ઝાહિર થઈ અને તેની કોઈ નામ સાથે નિસ્બત થઈ, **તો અલ્લાહનું કોઈ નામ પાડવાની ઝરૂરત પૈશ આવી હોય.** અલ્લાહની શાન અઝીમ છે, એની સલ્તનત મઝબૂત છે કે, એની મખ્લૂક જ એનું નામ પાડે અને તે નામની મુખ્તસર સમઝમાં એની અઝમતને કૈદ કરી નાખે!

અલ્લાહતઆલા એક છે અને તેની પૈદાશુદા ચીઝો અનેક. આ અનેક ચીઝોમાં ઈમ્તેયાઝ અને ફરક રાખવા વાસ્તે જ તેના જુદા-જુદા નામ રાખવામાં આવે છે. અગર કોઈ મુખ્લિસ અને પરહૈઝગાર બંદો પોતાના ખાલિકને કોઈ ઈશારાથી પુકારવા ચાહે યા એની તરફ કોઈ કલામથી નિસ્બત આપવાનો ઈરાદો કરે તો કુરઆને કરીમના ઈરશાદથી અલ્લાહને "**હોવા**" યાઅની "**તે**" નું નામ આપી શકે છે. કુરઆને કરીમમાં ફરમાવવામાં આવેલા તે તમામ મુબારક અને આઅલા નામો કે, જેમાં અલ્લાહની શાન અને જલ્વો નઝર આવે છે, તે તમામ બલંદ વસીલાઓ છે કે જે અલ્લાહના પસંદીદહ ઈમામે હક્ક તરફ જાય છે. આ નામોથી જે મુમિન ઈમામે હક્કની માઅરેફત અને ઈતાઅત તરફ પહોંચે તે આખિરકાર અલ્લાહતઆલાની રહેમતને પરામી જ લે છે.

**અકીદો ૧૨ : અલ્લાહતઆલાની કોઈ હદ નથી. એ બધી જ બંદિશોથી આઝાદ છે, બરી છે.**

હદ તમામ ચીઝો વાસ્તે હોય છે પણ અલ્લાહતઆલા વાસ્તે હદબંધી કરવી જાઈઝ થાતી નથી. સબબ એ જ છે કે, જેની પણ હદબંધી કરવામાં આવે તો હદ બાંધનાર, હદબંધી કરવામાં આવનાર ચીઝથી તાકતવાર સાબિત થાય છે. અલ્લાહતઆલા તો એની મખ્લૂકની હદબંધી કરનારો છે. તો પોતે કોઈની હદમાં બંધાયેલો કેમ રહી શકે?

(બકીયાહ પેજ નં. ૮ પર)

**દોસ્તી તે શખ્સ વાસ્તે હોય છે કે જે વફાદારીને સમઝે.**

(પેજ નં. ૭ નું બાકી)

હદમાં કેદ થયેલી ચીઝ ૬ રૂખ-પાસાઓ-જેહતોથી હદમાં હોય છે. જેનાથી તેના જિસ્મનો તસવ્વુર ઊભો થાય છે. આ મુઆમેલો અલ્લાહતઆલા વાસ્તે નથી, એમ ન કહી શકાય કે, એ ફલાઁ જગા પર છે અને ફલાઁ પર નથી. મશ્રિકમાં છે અને મગરિબમાં નથી, ઉપર છે ને નીચે નથી વગૈરહ. કોઈ પણ જગા યા મકાન ઊંચું કે નીચું એના વાસ્તે બોલાય નહીં. દિશા-જેહતો યા પાસાઓ તો જિસ્માની સૂરતના જ હોય શકે.

જિસ્માની સૂરત હોય તો તે નઝરમાં આવે અને જે નઝરમાં આવે તેને ઈન્સાની મહેદૂદ અક્લ કુબૂલ કરી લે છે. આ સૂરત એક નફ્સ બની જાય છે. પણ અલ્લાહતઆલા તો આ બધી ચીઝોથી ખૂબ બલંદ છે કે, એના કોઈ પાસાઓ હોય યા દિશાઓના છેડાઓ હોય યા એની કોઈ હદ હોય યા કોઈ સૂરત હોય યા કોઈ નફ્સ હોય યા કોઈ સિફત હોય.

બીજી હુજ્જત એ છે કે, જે વક્ત ઈન્સાનને નઝરની નેઅમત મિલી ગઈ હોય અને કોઈ મહેદૂદ ચીઝ વાસ્તે હદ બંધાઈ ગઈ હોય, તો ખયાલમાં એ નુક્તું પૈદા થાય છે કે, આ નઝરની હદ પછી કોઈ કુદરત નથી. મગર હકીકતમાં આમ નથી. **ઈન્સાની નઝરના છેડા પર કઈ કુદરત ખતમ નથી થઈ જાતી.** અક્લ એ મુજબ કુસૂર કરે છે કે, ઈન્સાનની તાકતની હદ તે જ કુદરતની હદ છે. મગર અલ્લાહતઆલાની કુદરતના કરિશ્મા નઝદીક બંદો આજિઝ થઈ જાય છે કે, તેના ખાલિકની કુદરત બેકિનાર અને ગૈરમહેદૂદ છે. ઈન્સાન તેની હદમાં રહે તો જ તેના વાસ્તે બહેતર છે.

**અકીદો ૧૩ : અલ્લાહતઆલાની કોઈ સિફત નથી, એ તમામ સિફતોથી પાક છે, બરી છે.**

કોઈ પણ ચીઝની સિફતો સના-તાઅરીફ, તેના જિસ્મો જાન અને તબીઅતો મિઝાજની કૈફીયત યા તેમાં રહેલા જૌહર-ખાસીયતથી થાય છે. અગર તેની સિફત તેના બાહરી જિસ્મની હોય તો તે તેના રૂપ-રંગ, મિકદાર યા ઢાંચાના સબબ થાય છે. જો આ સિફત તેના અંદરૂની નફસની હોય તો તે તેના જાનના ઈલ્મી હાલાત યા જેહાલતના એતેબારથી બને છે. જિસ્મ યા જાન એક જેવા હાલાત પર રહેતા નથી, તેથી વક્તના બદલાવ સાથે સિફત પણ બદલાયા કરે છે. અલ્લાહતઆલાનું કોઈ જિસ્મ, બૂ, રંગ યા લઝઝત નથી, તેથી એની સિફત થઈ શકે નહીં. અલ્લાહતઆલા તો **વાજેબુલ વુજૂદ** છે, જેનું ના તો બાહરી જિસ્મ છે ના તો અંદરૂની નફસ છે.

એહલે અક્લ આ વાતનો ઈકરાર કરે છે કે, જે ચીઝની તાઅરીફ કરવામાં આવે, તો તે કલામ તાઅરીફ કરનારના મૂઁહથી નિકલે, ના કે જેની તાઅરીફ કરવામાં આવી હોય, તેનાથી. જો કોઈ અલ્લાહની તાઅરીફ કરે અને એને ફલાઁ-ફલાઁ સિફતથી પુકારે તો તાઅરીફ કરનાર અલ્લાહથી બલંદ સાબિત થાય. **અલ્લાહતઆલા તેનાથી બરી છે કે, એની પૈદા થયેલી ચીઝો એની ખૂબીઓ-ખાસીયતોને પરખે અને તાઅરીફ કરે.** કેમકે, તાઅરીફ તે કલામો અલ્ફાઝ છે, કલામ તે ઝબાનથી થાય છે અને ઝબાન તે મખ્લૂકની છે જેનો ખાલિક અલ્લાહતઆલા છે. ખાલિકને કોઈ હાજત પૈશ થાતી નથી કે, એની મખ્લૂક એની તાઅરીફ કરે.

જિસ્મની સિફત તે વક્ત થાય છે કે, નઝરથી યા અડકવાથી તેનો અંદાઝો લગાવો હોય. તેના માદ્દા-પદાર્થ, બનાવટ, રંગ, બૂ, લઝઝત, મકસદ અને જગાના સબબ તે જિસ્મની માઅરેફત થાય છે, તેના હાલાતથી વાકિફ થવાય છે, તેના ફાયદા-નુકસાન નઝરમાં આવે છે. એ જ મુજબ આલિમ પોતાની અક્લથી કોઈ નફસ-જાનને પરખે છે, તેનાથી બીજાને ફાયદો હાસિલ થાય એવી રાહ પર તે નફસને ચલાવે છે, પછી નફસ તે રાહે હિદાયત પર ખૂબ

(બકીયાહ પેજ નં. ૯ પર)

**મદદ તે શખ્સ વાસ્તે હોય છે કે જે એહસાનને યાદ રાખે.**

## ગુલ્શને ફિકહ – શરીઅતનું હલાલો હરામ

### બીમારીની ઝિક્ર : કિસ્ત-૩

કુરઆને કરીમમાં ઈમાનદારો અને કાફિરો વાસ્તે અલ્લાહતઆલા એક જ આયતમાં બયાન ફરમાવે છે કે, જે લોગો અલ્લાહ અને એના રસૂલ પર ઈમાન લાવા તે સઘલા મુમેનીન જ સાચા ઈમાનવાલા અને શહીદો છે. એ લોગો વાસ્તે એના રબ નઝદીક એના સાચા ઈમાનના એવઝમાં એનો અજર અને એનું નૂર છે અને જે લોગોએ કુફ્ર કીધો અને હમારી આયતોને ઠુકરાવી દીધી, તેની તકઝીબ કરી બેસા, તે સઘલા જહન્નમના અસ્હાબ છે.

મૌલાના અલી સાહેબે ઝુલ્ફિકાર (અ.સ.) ને પૂછવામાં આવું કે, શહાદતની શું માઅના છે? આપે ફરમાવું કે, "હર મુમિન શહીદ છે કે, જે દીનદારીને પોતાની ઝિંદગીનો એક હિસ્સો બનાવી દે." આમ તૌર પર લોગો એમ માને છે કે, જે શખ્સ રાહે ખુદામાં જંગ કરતા કરતા કોઈ હથિયારના ઝખ્મથી વફાત થઈ જાય તો તેને શહીદ કહેવાય. બરાબર છે, આ તો શહીદ કે શહાદતના એક જ રૂખની વાત થઈ. મગર શહાદતની માઅના જોવા જઈએ તો તે ઘણી જ ગહેરી છે, કુશાદહ છે અને દિલચસ્પ છે. **મુમિન હાલતે શુક્રગુઝારીમાં જે વક્ત આ દુનિયાથી ઈન્તેકાલ કરે છે તો તે શહીદનો અજર લઈને તેના નૂરના સાથે ઈન્તેકાલ કરે છે.**

આપ મૌલા ફરમાવે છે કે, "એક બીમાર શખ્સ અલ્લાહતઆલાના કૈદખાનામાં છે, જહૉઁ તક કે પોતાની ખબરગીરી કરવા આવનાર યા ઈયાદત-પુરસી વાસ્તે આવનાર લોગોના દરમિયાન શિકાયત ના કરે." યાઅની એક કૈદી જે મુજબ કોઈની નિગરાનીમાં હોય છે, પોતાના ગુનાહોંની સઝા ઉચકતો હોય છે, રાહત-ચૈનથી દૂર કરી દેવામાં આવો હોય છે, તે જ મુજબ એક બીમારની હાલત હોય છે. કોઈ પણ તેની તબીઅત પૂછવા આવે, ખબર નિકાલવા આવે તો શુક્રના કલામ સિવાય બીજા કલામ નિકાલવા જોઈએ નહીં. જો તે થોડી પણ શિકાયત ગૈરના નઝદીક બિલા વજેહ કરશે તો અલ્લાહતઆલા તેનો સવાબ ખેંચી લેશે. બીમારીના દરમિયાન જે ગુનાહ મંજાવવા જોઈએ તે મગફેરતની બરકત તેને હાસિલ નહીં થઈ શકે. લેહાઝા બીમાર પર વાજિબ છે કે, તે બીમારીના દરમિયાન ખૂબ-ખૂબ ખામોશ રહે.

આપ મૌલા ફરમાવે છે કે, કોઈ પણ મુમિન બીમારીમાં ગિરફતાર થાય અને એ જ હાલતમાં તેને મૌત આવી જાય તો તે અલ્લાહતઆલાની નઝરમાં શહીદ ગિનાય. આમ તૌર પર તો હર એક **મુમિન શહીદ છે** અને હર એક **મુમેનહ હૌરા છે** યાઅની કાલી આઁખોંવાલી ખાતૂને જન્નત. શહીદ તે સબબથી કે, તે મુમિન અલ્લાહતઆલાએ બનાવેલા શરીઅતના બધા જ કાયદા-કાનૂનને બિલા કોઈ શક-ઝબરદસ્તી-ઝુલ્મ-કરાહીયત-રિયાકારી કુબૂલ કરે છે. આ શરત પર જો કોઈ ખરો ઉતરે તો તેને હર દિન-રાત શહીદનો મરતબો તો મિલે જ છે, મગર જો તે બીમારીમાં ગિરફતાર થયો અને કઝા આવી ગઈ તો તેના ગુનાહોં ધોવાઈ જાવાથી, શુક્ર કરવાથી, દર્દ પર સબર કરવાથી તેને એક જંગ કરનાર જેહાદમાં શહીદ થાય, તે મિસિલનો આઅલા દરજો મિલે છે. ✯

---

(પેજ નં. ૮ નું બાકી)

અમલ કરે છે અને તેમાં એક ખૂબી ખાસીયત પૈદા થાય છે, આ ખાસીયત આ તરહ નફસની ઈઝઝતનો સબબ બને છે. આના બર-અક્સ નફસ ઝલીલ થાય છે. આ તરહ નફસ ઈઝઝતથી ચઢે પણ છે અને ઝિલ્લતથી પટકાઈ પણ છે. આને નફસની સિફત કહેવાય છે.

અલ્લાહતઆલા એની ઈઝઝત, બલંદી અને કિબરીયાઈના સબબ તમામ ચીઝથી પાકો સાફ છે. તો દિલનો ખુલૂસ એ છે કે, અલ્લાતઆલાની ઝાતે મુનીરને સાબિત સમઝવી જોઈએ અને એના વાસ્તે હર સિફતનો ઈન્કાર કરવો જોઈએ. ✯

**હિદાયત તે શખ્સ વાસ્તે હોય છે કે જે સચ્ચાઈ પર ચાલે.**

(પેજ નં. નું બાકી)

તે શૈખે જવાબ આપો કે, **એક સો સાલ કરતા પણ ઝિયાદહ વક્ત થયો છે.** આપે મઝીદ દરયાફ્ત કીધું કે, હું તે ચીઝ જાણવા ચાહું છું કે, તે કયો તમારો અમલ હતો કે, જેના સબબ ખુદાએ તમને આટલી ઊંચી મંઝેલત અને દરજો બખ્શેલો છે?

શૈખે ખૂબ ઈત્મિનાનથી જવાબ આપો કે, અય ખુદાના વલી! મને આ દરજો બે અમલથી મિલો છે અને તે ખૂબ જ આસાન અમલ છે. આપે પૂછ્યું કે, એવા તો એ કયા અમલ છે કે, એક તરફ તે આસાન પણ હોય અને ખુદા તરફથી આ ઈઝઝત પણ મિલતી હોય! શૈખે કહ્યું કે, મેં દુનિયાની ફકીરી, મોહતાજગી અને લાચારીનો ડર છોડીને, ભૂખ-ગરીબીથી બેપરવાહ થઈને, ખસ્તાહાલીનો ખૌફ છોડીને, ફક્તને ફક્ત રોઝી-રિઝક વાસ્તે ખુદા પર ભરોસો કીધો. ખુદાનો વાઅદો હમેશા સાચો છે અને તે એ છે કે, મેં કોઈ વક્ત કોઈની ગીબત કીધી નથી. પછી તે શખ્સ મુમિન હોય યા કાફિર. મારા નઝદીક અગર કોઈ શખ્સ કોઈ બીજા વાસ્તે સવાલ કરે તો હું યા તો મારી ઝબાન બંધ કરી દઉં યા જે હકીકત હું તેના વાસ્તે જાણતો હોઉં તે પૂછનારને બતાવી દઉં. ગીબત કરનાર શખ્સને એના જ કલામ એને પલટીને વાગે છે. આમ કરવાથી કોઈનો ફાયદો નથી, નુકસાન જ નુકસાન છે. ✯

---

(પેજ નં. ૩ નું બાકી)

આ કાતિલે નફસ અને દુશ્મને ઈમાન ઈન્ફેકશન બીજા જિસ્માની વાયરલ ઈન્ફેકશન મુજબ ચંદ રોઝ વાસ્તે રહેતું નથી. મગર જો તે દિલો દિમાગની ગહેરાઈ તક પહોંચી જાય તો તે લાઈલાજ થઈ જાય છે અને બીમારને હમેશા વાસ્તે હલાક કરીને જ જપે છે. ટ્રાયો વાયરસ ચારે બાઝૂથી હમલો કરે છે અને એ મુજબ બીમારને જકડે છે કે, તેનાથી છુટકારાનો કોઈ રસ્તો તે બાકી રાખતો નથી. માંકડી જેમ આ વાયરસ છે, તે તેની જાલમાં શિકારનો હશર એ મુજબ કરે છે કે તેમાંથી **ઝિંદગી, નૂર અને રોનક**નો બધો જ રસ ચુસી લે છે. તે અધમુવો અને મુરદાર બની જાય છે.

એવા પણ ઘણા કિસ્સાઓ ગુઝરા છે કે, જે શખ્સને આ વાયરસના ઈન્ફેકશનની હજુ ઈબ્તેદા જ થઈ હોય અને તેને કોઈ ભલો મુમિન મિલી ગયો અને પોતાની બીમારીના ખતરાઓથી તેને આગાહ કરી દીધો અને દાઅવતે હક્કના રૂહાની ડૉક્ટર નઝદીક તેને સહી ટ્રીટમેન્ટ કરાવી દીધી તો તે હલાક થાનાર શખ્સનો વાયરસથી બચાવ થઈ જાય છે અને નજાતની રાહ પર લાગી જાય છે. પણ એક વાત તેના ઉપર લાઝિમ થઈ જાય છે કે, તેને રેગ્યૂલર ચેકઅપ અને રિપોર્ટ કઢાવવા પડે કે, **જેથી ઈન્ફેકશનનો ઉથલો મારવાનો ખૌફ દૂર થઈ જાય.**

હવે એવા ઈન્ફેકટેડ મરીઝો કે, જેને પોતાની ઝિંદગી બચાવવી છે, જીવવું છે તો તેઓના ઘરવાલાને યા રિશ્તેદારોને જોઈએ કે, તેને જલ્દ અઝ જલ્દ સાહેબે હક્ક અને હિકમત ઈમામુઝઝમાન (અ.સ.) ના આઅલામાં આઅલા રૂહાની દવાખાનામાં આઈસોલેશન વોર્ડમાં ભરતી કરાવવા જોઈએ. બીજાના સહારે તેને ભરતી થાવું પડશે કેમકે, પોતે તાકત ના હોવાથી દાખલ થઈ શકતો નથી. ભરતી થયા પછી સાહેબે હિકમત તેને દુનિયાના તમામ ફિત્ના અને તઅલ્લુકાતથી દૂર લઈ જાય છે. આ વોર્ડમાં તે પોતે કઈ જ કરી શક્તો નથી કેમકે, તે પોતાની ઝાતને સાહેબે હિકમતને સોંપી ચુકો છે. **આ ઈન્ફેકશનથી મરીઝની જાન કેમ બચે તે દવાખાનાના માલિકના હાથમાં છે.** જો તમામ તરહની પરહેઝી પાલવામાં આવે તો એવો કોઈ મરીઝ જ નથી કે, આ રૂહાની દવાખાનાથી શિફા બગૈર ગયો હોય. હિકમતના સાહેબ ઈન્સાનની હર બીમારીની દવા જાણે છે. હિકમતના સાહેબ અલ્લાહતઆલા તરફથી હોય છે. બીમારીનો વુજૂદ ઈન્સાનના આઅમાલના સબબ હોય છે પણ શિફાનો વુજૂદ અલ્લાહતઆલાની મરઝીથી હોય છે. આ મરઝીના વસીલા આ જહાનમાં હિકમતના સાહેબ છે, પછી તે ઈમામ હોય યા દાઈ હોય. ✯

**દોઆ તે શખ્સ વાસ્તે હોય છે કે જે મુખ્લિસ હોય.**

## ઈલ્તેજા : મેરે મુશ્કિલકુશા

મુલ્તજી હું આપ સે મેં યા અલી શૈરે ખુદા,
દૂર કર દો મેરી મુશ્કિલ, અય મેરે મુશ્કિલકુશા.
મુદ્દતોં સે ગમ હી ગમ હૈં ઝિંદગી કી રાહ મેં,
હૈં ફક્ત કાંટેં હી કાંટેં હર ખુશી કી રાહ મેં,
ગમ સે ગભરાતા હું મૌલા વક્ત હે ઈમ્દાદ કા,
મુલ્તજી હું આપ સે મેં યા અલી શૈરે ખુદા,
દૂર કર દો મેરી મુશ્કિલ, અય મેરે મુશ્કિલકુશા.
મેરી આહોં, મેરે નાલોં મેં અસર બાકી નહીં,
દમ ઉલઝતા હે મેરા યે બેકલી જાતી નહીં,
આપ કી નઝરે ઈનાયત ચાહીએ મુશ્કિલકુશા,
મુલ્તજી હું આપ સે મેં યા અલી શૈરે ખુદા,
દૂર કર દો મેરી મુશ્કિલ, અય મેરે મુશ્કિલકુશા.
હે વસીલા મુસ્તફા કા અય શહે દુલદુલ સવાર,
દીજીએ ગમ સે રિહાઈ આપ કો હે ઈખ્તિયાર,
માંગતેં હૈં ભીખ મૌલા આપ સે શાહો ગદા,
મુલ્તજી હું આપ સે મેં યા અલી શૈરે ખુદા,
દૂર કર દો મેરી મુશ્કિલ, અય મેરે મુશ્કિલકુશા.
વાસ્તા ઝહેરા કા હે કર દો કરમ અબ યા અલી,
યે દોઆ હે અબ ખિલા દો દિલ કી મેરે બેકલી,
દામને ઉમ્મીદ ભર દો અય મેરે હાજિતરવા,
મુલ્તજી હું આપ સે મેં યા અલી શૈરે ખુદા,
દૂર કર દો મેરી મુશ્કિલ, અય મેરે મુશ્કિલકુશા.
યાદ કરતા હું હસન કો સાહેબે ઈઝઝો વકાર,
આપ હૈં હલ્લાલે મુશ્કિલ, દો મેરે દિલ કો કરાર,
આઈયે બહરે મદદ મેરી બરાયે કિબરીયા,
મુલ્તજી હું આપ સે મેં યા અલી શૈરે ખુદા,
દૂર કર દો મેરી મુશ્કિલ, અય મેરે મુશ્કિલકુશા.
બહરે શાહે કરબલા મુઝકો સહારા દીજીએ,
છિન ગયા હે જો સુકૂં દિલ કો દોબારા દીજીએ,
બેસહારે કો સહારા દીજીએ બહેર ખુદા,
મુલ્તજી હું આપ સે મેં યા અલી શૈરે ખુદા,
દૂર કર દો મેરી મુશ્કિલ, અય મેરે મુશ્કિલકુશા.
આલે શાહે કરબલા હે ઈસ ઝમાને કે ઈમામ,
નામ સે ઈનકે જુડા હે રબ્બે બારી કા કલામ,
ઈસ મરીઝે લાદવા કો દીજીએ મૌલા શિફા,
મુલ્તજી હું આપ સે મેં યા અલી શૈરે ખુદા,
દૂર કર દો મેરી મુશ્કિલ, અય મેરે મુશ્કિલકુશા.
દાઈએ હાતિમ ઝકી હે મૌલા દિલબર આપકે,
મુમેનીં કી યે જમાઅત કે હૈ અફસર આપકે,
મેરી કિસ્મત કો ભી ચમકા દીજીએ શાહે હોદા,
મુલ્તજી હું આપ સે મેં યા અલી શૈરે ખુદા,
દૂર કર દો મેરી મુશ્કિલ, અય મેરે મુશ્કિલકુશા. ✯

## તો ક્યા બાત હે

યા મોહંમદ મેરી શામે તન્હાઈ કા,
હો અરબ મેં સવેરા તો ક્યા બાત હે,
એક દિન સબ્ઝ ગુંબદ કે સાયે તલે,
દમ નિકલ જાયે મેરા, તો ક્યા બાત હે.

બાત અપની બને ઔર ઐસી બને,
જાઉં તૈબા તો વાપિસ ન આઉં કભી,
મેરે મૌલા મોહંમદ કે દરબાર કા,
યું ભી હો એક ફેરા, તો ક્યા બાત હે.

યા ખુદા તેરે મહેબૂબ કી યાદ સે,
રોશની દિલ કે દાગોં કો ઐસી મિલે,
ઈશ્કો ઈમાન કે નૂર સે દૂર હો,
ઝિંદગી કા અંધેરા, તો ક્યા બાત હે.

રંગ ઈતના તો લાયે યે વહેશત મેરી,
અહલે જન્નત ભી હસરત સે દેખે તુઝે,
જાકે મેં શાહે બતહા કે દરબાર મેં,
ડાલ દું અપના ડેરા, તો ક્યા બાત હે.

રાસ આ જાયે ઝાકિર તુઝે શાયેરી,
ઈસ તમન્ના મેં પઢતા હું નઅતે નબી,
શાહે કૌનૈન મેં ખાદિમોં મેં અગર,
નામ આ જાયે મેરા, તો ક્યા બાત હે. ✯

**મોહબ્બત તે શખ્સ વાસ્તે હોય છે કે જે બીજાને મોહબ્બત કરે.**

## વિરાસત

જિસને હે સંભાલા હમેં, હમ ઉસકો સંભાલે,
પુરખોં કી વિરાસત કી ચલો શાન બઢાએં.

ફનકાર કી ફનકારી નહીં વક્ત મિટાતા,
ઉસ વક્તે મુનવ્વર કી ઝલક સબકો દિખા દેં.

બેમિસ્લ, બેનઝીર, નિરાલા હે અનોખા,
કિસ્મત સે ખઝાના હે મિલા દિલ સે લગા લેં.

દિલચસ્પ યાદગાર જુડી હૈં કહાનીયાઁ,
ગલીયોં મેં ઉસકી ધૂમ કે ખુદ હી કો ભુલાદેં.

તારીખ કે પન્નોં મેં હકીકત જો કેદ હે,
આઁખોં કે સામને જો હે સચ ઉસકો માન લેં.

કહેતેં હૈં લોગ જો હે પુરાના હે વો સોના,
વો કૌન હોગા સોને કો હાથોં સે ગંવા દેં.

ખાના હો, પહેનના હો કે રહેના હો ઘરોં મેં,
બરસોં સે ચલી આતી હૈં, રસમોં કો નિભા લેં.

બચ્ચોં કે લીયે છોડ કે જાની હે યે દૌલત,
આઓ ઉસે સબ સાથ મેં હમ મિલકે બચા લેં.

જો કામ હો મુશ્કિલ ઉસે કરને મેં મઝા હે,
કામ ઐસા હો મુશ્કિલ કો હી મુશ્કિલ મેં ડાલ દેં.

સો જાન અપની શહરે બડૌદા પે હે કુરબાન,
પૂરે જહાઁ મેં શહેર કી ઈઝ્ઝત કો બઢા દેં.

અહેસાન હી અહેસાન કીયે જાતી હે હમ પે,
અય માઁ, તેરે બચ્ચેં હૈં હમેં તુઝ મેં સમા દેં.

અય શહેર, બહુત છોટે હૈં અન્વર કે યે કલામ,
સદીયોં કી દાસ્તાન કલમ કૈસે નિભાએં.☆

## તિજારત


યા અલી મદદ

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

**ભાઈસાહેબ ઈબ્રાહીમ**

**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**

**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩** ☆

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**

**" ઝૈબાઈશ "**

બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે,
પાણીગેટ, વડોદરા.

**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬** ☆

**હજારીવાલા મોબાઇલ**

અદનાન - ૯૭૧૪૪૩૦૩૧૯
અબ્બાસ - ૯૭૧૪૪૩૦૩૧૪

**દરેક જાતના મોબાઇલ સેલ્સ અને રીપેરીંગ તથા R.T.O. નું ઓનલાઇન કામ કરી આપવામાં આવશે.**

નૂરાની મસ્જીદ સામે, બદરી મોહલ્લા નાકા,
વાડી ટાવર, વડોદરા. ☆

**એ-વન બ્યુટી પાર્લર**

**આઇબ્રો, ફેશીયલ, બ્લીચ, હેર કલર, હેર સ્પા, ક્લીન અપ, બોડી મસાજ, હેર મસાજ, નોર્મલ મેકઅપ, હેર સ્મુથીંગ, હાઇલાઇટ, બ્રાઇડલ મેકઅપ, મેની ક્યોર, પેડી ક્યોર.**

૬, અલી ચેમ્બર નં. ૧, તૈયબી મસ્જીદ પાછળ,
રામપાર્ક, આજવા રોડ, વડોદરા.

**સકીનાબેન - મો.: ૮૧૬૦૯૦૫૦૮૦** ☆

**મકાન વેચવાનું છે :**

રૂકૈયા મંઝિલ, પહેલા માળે, બદરી મોહલ્લા, વાડી.
પાણીનું સ્વતંત્ર કનેક્શન, પાણીની મોટર, ટાંકી,
ઈલેક્ટ્રીક મીટર, ટોયલેટ, વાસણની ચોકડી.

**મોઇઝભાઇ લાલા - મો.: ૯૭૨૪૬૧૯૦૪૫** ☆


**કામિયાબી તે શખ્સ વાસ્તે હોય છે કે જે મહેનત કરે.**

## અખ્બારે હાતિમીયહ (અપની ઝબાન)

**✵ અલવી સાયક્લોથોન :**

અપની અલવી જમાઅતની તારીખમાં પહેલી વાર સાયકલ રેલીનો પ્રોગ્રામ થયો હતો. આ પહેલા રમત-ગમતના પ્રોગ્રામ નૂરાની મસ્જિદના ચોકમાં બચ્ચાઓ વાસ્તે અવાર-નવાર થાયા કરતા હતા. મગર આ સાલ અપના મુલ્કના રીપબ્લીક ડે, ૨૬ જાન્યુઆરી ૨૦૨૦ ઈ./૧ જુ. ઉખરા ૧૪૪૧ હિ., રવિવારે ફજેરે ૮:૦૦ વાગે હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની નૂરાની હાઝિરીમાં પરચમે હિન્દુસ્તાની લહેરાવવા સાથે સાયકલ રેલીનું ફલેગ-ઓફ આપ મૌલાના દસ્તે મયમૂનથી થયું હતું.

બેશુમાર મુમેનીન-મુમેનાતની હાઝિરીમાં આપ મૌલાએ ફરમાવું હતું કે, "અપની તારીખ આ હિન્દુસ્તાનમાં ૯૦૦ સાલ પુરાની છે. અપને આ પાક સરઝમીનના ફરઝંદો છે. કોઈ પન મઝહબના લોકો તે અપના છે, અપના ભાઈઓ છે. **અપના મુલ્કની મુહબ્બત તે ઈમાનમાં પહેલું છે.** અપના મુલકના આ હસીન સમાજી કપડાના મુખ્તલિફ મઝહબના લોકો અલગ-અલગ દોરા છે, ધાગા છે. એક પન દોરો આમાંથી નિકલસે તો કપડું કમ્ઝોર થઈ જાસે. તમામને સાથે મિલીને અપના મુલ્કની તરક્કી વાસ્તે કોશિશ કરવાનીચ."

"નેશનાલીટી ફસ્ટ" ના પૈગામ સાથે અજબ જોશો ખરોશને સાથે દીકરા-દીકરીઓ, જવાનો, બુઝુર્ગો, બચ્ચાઓ તમામ બદરી મોહલ્લાથી રાવપુરા તક શહેરના ચાર દરવાઝાથી ગુઝરીને સાયકલ-સવારીનો બેનઝીર મન્ઝર વડોદરાવાસીઓને બતાવો. પૈગામ અને નાઅરા એના હતા કે, **"હમારૂં મુલ્ક હિન્દુસ્તાન હમારા વાસ્તે પ્યારૂં છે અને પહેલું છે. પહેલામાં પહેલા મુલ્કની મુહબ્બત છે પછી તમામ ચીઝો છે. આવો! મુલ્કના રહીએ અને મુલ્ક વાસ્તે જીવીએ." સારે જહાઁ સે અચ્છા, હિન્દોસ્તાઁ હમારા."** આજે પન સાયકલો શહેરના રસ્તાઓ પર રાજ કરી શકે છે, તે અપના જવાનોએ બતાવી દીધું. કામિયાબીનો પૂરો સહેરો બરોડા સાયકલોપીડીઅનના અરાકીનને જાય છે કે, તેઓએ સાહેબે દાઅવતની હિદાયતને માતહત મોટો શાહકાર અંજામ આપી દીધો. રેલીના ઈન્તેઝામાતમાં જમાઅતના બીજા બાહોશ જવાનો અને હુસૈની ચકલાના જાઁબાઝ જવાનોનો સાથ અને મહેનત શરીકે હાલ રહી હતી.

બરોડા સાયકલોપીડીઅન - જમાઅતના તે જવાનો છે, જે હર રવિવારે ફજેરે નમાઝ બાદ તૈયેબી મસ્જિદના નઝદીકથી એક મુકર્રરશુદા જગા પર જાવા સાયકલ પર ગશ્ત કરેચ. રાસુલ હુદૂદ સાહેબ આ ગિરોહની રાહનુમાઈ કરેચ. સાયક્લોથોનના પ્રોગ્રામ પછી હવે હર હફતે આ ગ્રુપમાં નવા-નવા સાયકલ ચલાવવાના શૌકીન જોડાઈ રહ્યાચ. સેહત અને તંદુરસ્તી વાસ્તે આ એક બહેતરીન વરઝિશ સાબિત થઈ રહીચ. મુંબઈ જમાઅતના ૩૦ જેટલા મુમેનીન પ્રોગ્રામમાં શામિલ થયા હતા. યહાઁના સાયકલિસ્ટોનો જોશ જોઈને તેઓએ પણ મુંબઈમાં એવું જ એક ગ્રુપ ઊભું કરવાની નિય્યત કીધી હતી. ઉમ્મીદ છે કે, મુંબઈના જવાનો જમા થઈને સાયકલીંગને પોતાની હોબી બનાવે.

**✵ હેરીટેજ વૉક :**

હિ. ૧૪૩૭/૨૦૧૫ ઈ. માં અપની જમાઅતમાં પહેલી વાર વડોદરા પીપલ્સ હેરીટેજ ફેસ્ટીવલના માતહત દાઅવતે શરીફહની તદબીરથી દેવડી મુબારક અને બદરી મોહલ્લામાં હેરીટેજ વૉક રાખવામાં આવો હતો. તે વક્તથી હેરીટેજ ગ્રુપના જે સાહેબો તઅલ્લુકમાં હતા તેની તદબીર અને સાહેબે દાઅવતની તેમાં શિરકતથી ૧૫ જુ. ઉખરા ૧૪૪૧ હિ./ ૯ ફેબ્રુઆરી ૨૦૨૦ ઈ., રવિવારે સાંજે બીજી વક્ત હેરીટેજ વૉક રાખવામાં આવો હતો. જેમાં ૫૦ જિટલા હેરીટેજ શૌકીનોએ હિસ્સો લીધો હતો.

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

**કરામત તે શખ્સ વાસ્તે હોય છે કે જે બહેતર બોલે.**

(પેજ નં. ૧૩ નું બાકી)

મસ્જિદે નૂરાનીના બાહર ચોકમાં તમામ હાઝિર થયા હતા અને મસ્જિદ-મોહલ્લાની તારીખથી તેઓ વાકિફ થયા હતા. ૩૩૧ સાલ પહેલા અપને અપના દાઈ કઈ તરહ અહમદાબાદથી વડોદરા લાવા હતા અને સૈ. ઝિયાઉદ્દીન સાહેબને કઈ તરહ મીયાઁ મહેમૂદે બદરી મોહલ્લાની જગા હદીયામાં આપી હતી, તેની હકીકત તમામે જાની હતી. બદરી મોહલ્લામાં હાલમાં ૮૦ સાલ પહેલા બનેલા જૂના મકાનો મૌજૂદ છે જે સૈ. બદરૂદ્દીન સાહેબના ઝમાનામાં તાઅમીર થયા હતા. તે મકાનોની નક્કાશી, લાકડાનું કામ, તાકાઓ, ખાટ, પરસાલ-ચોક, નૌ-ખાનું, દીવાલના કબટો, કાઁચની ક્રોકરી, મુખ્તલિફ જૂની ચીઝો અને અપની બોહરા રહેની-કરની જોઈને તેઓ ખૂબ ખુશ થયા.

દેવડી મુબારક પર તેઓના મુશાહેદા વાસ્તે ચમ્મર, છતરી, દુપટ્ટો, જૂની હાથની લખાયેલી કિતાબો, કાગઝ, કલમ, લાકડાની કુરસી, છડી, બુખુર-દાની, ઈતર-દાની, જામો, તસ્બીહ, ચોકી, મીસાક-દાની વગૈરહ મુકવામાં આવી હતી. હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) એ તમામ મહેમાનોનો ખૈર-મકદમ કીધો હતો. આપ મૌલાએ ફરમાવું હતું કે, "અપને વડોદરાવાસીઓ ખુદાનો જિટલો શુક્ર કરીએ તે કમ છે કે, અપની પૈદાઈશ આ ખુબસૂરત અને સુકૂન-બખ્શ વડોદરામાં થઈ કે, જે શહેરને અમારા વડૌવાઓએ પસંદ કીધુંચ. **આ શહેરનો વારસો અપને ખુદ સાચવવાનોચ. અપને આજે સાચવીસું તો આવતી પેઢીઓ અપને યાદ કરસે.** આ શહેરને રોનકદાર બનાવવામાં હરએક કૌમની મહેનત છે. એક વક્તમાં કે એક જનાથી કોઈ ચીઝ બનતી નથી. અલવી બોહરા અપના આ ગુજરાતમાં ૧૧૦૦ સાલથી છે. જે ઝમીનમાં પૈદા થયાચ તે ઝમીનથી અલગ કિમ થઈ શકાય? હિન્દુસ્તાનની આ પાકીઝા ઝમીન, દાઅવતે હક્ક વાસ્તે દુનિયામાં આઅલા-અફઝલ જગા છે. અમે યહાઁ જ છે અને યહાઁ જ અમારી મૌત આવસે."

તમામ દેવડી મુબારકની શાનો અઝમત જોઈને હૈરાન થઈ ગયા. કેમકે, આ કઈ માઅમૂલી ઈમારત નથી પણ સૈ. ઝિયાઉદ્દીન સાહેબથી આજ તક તમામ દોઆતનો સાયો અને બરકત આ જગા પર છે. અપના વાસ્તે પૂરી દુનિયામાં આ જ એક એવી જગા છે કે, જે મુસલસિલ ૧૨ દોઆતે હક્કની આરામગાહ, રૂહાની ઊમૂરનું મરકઝ અને દાઅવતની સ્ટેડીઝની તાઅલીમગાહ રહીચ. આકા મૌલાએ અપની તારીખનું એક પ્રિન્ટેડ ડોક્યૂમેન્ટ, ઈતર અને રૂમાલ આપીને તમામને દેવડી પર સી વદાઅ કીદા.

અયવાને નૂરાની પર આવીને પૂરૂં ગ્રુપ થાલ પર બેસું અને અપની ખાસ વાનગીઓ તેઓ વાસ્તે પિરસવામાં આવી. તેમાં દહીં સોદન્નું, પત્તી-સમોસા, ઊંધયું, ગોશ્ત-પુલાવ, મસૂર-પુલાવ-કઢી વગૈરહ શામિલ હતું. અપના જમવાના રસ્મો રિવાજ અને તૌર-તરીકાથી તેઓ વાકિફ થયા અને થાલમાં બેસીને અપના જમનનો લાહવો લીદો. આ તરહ ગૈર-કૌમના લોકોને અપની તારીખ, લિબાસ, રહેની-કરની, જમન, બોલ-ચાલ, તહેવારો, દીની મુઆમેલાત, સમાજી ઊસૂલ, તહેઝીબો અદબ જાનવાનો મૌકો ફરાહમ થાય છે. સાથે સાથે અપને બીજા કરતા કયા લેહાઝથી આઅલા છે, તેનો અહેસાસ પન અપને આવા મૌકાઓ કરાવેચ. ☆

કારવાને અલવીયત કો લે કે બઢના હૈ હમેં,
હુસ્નો અખ્લાકો મોહબ્બત લે કે બઢના હૈ હમેં,
આફીયત કી એક જન્નત બન કે બઢના હૈ હમેં,
અપને ખ્વાબીદા મુકદ્દર કો જગાના હૈ હમેં,
માંગતે ક્યોં હો અંધેરોં સે ઉજાલે કી ઝકાત,
તુમ મેં હિમ્મત હો તો ખુદ પૈદા કરો રાહે હયાત. ☆

**હિકમત તે શખ્સ વાસ્તે હોય છે કે જે ખૈર અમલ કરે.**

## લફ્ઝી કશ-મ-કશ

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | X | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

✹ **ઉભી તરકીબ :**

૧) મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની તાજપોશી વાસ્તે ગદીરે ખુમ્મના મૈદાનમાં ૭૦ હઝાર હાજીઓ _____ થયા હતા. (૨)

૨) હલાલ રોઝી કમાવવા વાસ્તેનો જઝબો તે જ શખ્સમાં ઉજાગર થાય છે જેના દિલમાં તકવા હોય. રોઝીની જગા પર બીજો કયો લફ્ઝ ઈસ્તેમાલ થાય છે? (૩)

૩) ઠંડીની મૌસમમાં લોગો ____ જમે છે. તે જમા બાદ મસ્જિદમાં નમાઝ વાસ્તે ના આવવું જોઈએ. (૩)

૭) _____, લાલચ, લોભ અને વધારે પડતું ચાહવું ખુદાતઆલાના શુક્રને ખત્મ કરી દે છે. (૨)

✹ **આડી તરકીબ :**

૨) ખુદાની આ ખલ્કને પૈદા કરવા પાછલની કારીગરી _____ ની છે. હર ચીઝમાં કમાલીયત જ કમાલીયત નઝર આવે છે. (૩)

૪) આ દુનિયામાં હર ચીઝ વાસ્તે _____બંધાયેલી છે. જો ઉમ્મીદ તૂટી જાય તો દિલ ગમગીન થઈ જાય છે. (૨)

૫) _____ -વ્હાલા સાથે બરાબર રિશ્તો રાખશો તો ઉંમરમાં દરાઝગી થાશે. (૨)

૬) જમન વાસ્તે ગલત પસંદગી, તરીકો, જગા અને વક્તના સબબ પેટમાં દુખાવો થાય છે. તમામ ઝાહિરી બિમારીની જડ પેટ છે. પેટને શિકમ અને _____કહે છે. (૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | તા | | |
| | મ | ઝી | દ | |
| ઝા | તી | X | રા | ત |
| | ન | જી | ક | |
| | | ત | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર શાઅબાનુલ કરીમ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે. ✫

(પેજ નં. ૧૬ નું બાકી)

આ સિવાય જે વક્ત મને મેઅરાજ નસીબ થઈ અને આસ્માનોમાં રૂહાની સૈર કરવા ગયો તે વક્ત મારા વાસ્તે આસ્માનના દરવાઝા ખોલી દેવામાં આવા હતા. તમામ જગે મેં અજીબો ગરીબ નઝારા જોયા વહાઁ તક કે, મેં ચોથા આસ્માન પર ગયો અને મેં જોયું કે, જે મને બતાવવામાં આવું. **મેં મારા અલી તરફ નઝર કીધી અને અલીએ મારા તરફ નઝર કીધી.** આના સબબ મેં તઅજ્જુબમાં પડી ગયો મગર અલી મારા ઈસ્તિકબાલ વાસ્તે અને મારા દરજાને અહલે સમા દરમિયાન આશ્કાર કરવા મારા કરતા પહેલા પહોંચી ગયા હતા. આ તરહ અલ્લાહની અતા મારા વાસ્તે અને અલી વાસ્તે હતી. ✫

## BEST WISHES



**Dr. Akilhusein Zulfikar Surti** has completed the degree of Doctor of Philosophy (Ph.D) in Computer Science from Gujarat Technological University (GTU) for the Research title "An Analysis of Micro arrays Gene Expression For Classification and Mining of Biological Patterns". ✫

**રાહત કી નવૈદ બન ફૂંગા બન કે ના ફૈલ,**
**બન જાને વફા દુશમને જાઁ બન કે ના ફૈલ,**
**ગુરબત મેં, વતન મેં, અંજુમન મેં, ઘર મેં,**
**ખુશ્બૂ કી તરહ ફૈલ ધુઆં બન કે ના ફૈલ.** ✫

**આખેરત તે શખ્સ વાસ્તે હોય છે કે જે તૌબા કરે.**

## પાઁચ

અલ્લાહતઆલાની ઈનાયત અને નવાઝિશ એના નબી અને નબીના અહલુલ બૈત (અ.સ.) પર આમ લોગો કરતા ઝિયાદહ અને ખાસ હોય છે. આ ખાસ ઈનાયતની ઝિક્ર અલ્લાહના નબી પોતાની ઉમ્મતના લોગોને મૌકા દર મૌકા ફરમાવતા હોય છે. જેના સબબ લોગોના દિલો ઝમીરમાં નબી તરફની ઈઝઝત અને એહતેરામ બરકરાર રહે. આ ઈનાયત, મુખ્તલિફ વાકેઆત અને મોઅજિઝાતના ઝરીએ જહાનમાં ઝાહિર થાય છે. આ તરહની કેફીયત હર એક નબીની ઝિંદગીમાં ગુઝરી છે.

મૌ. અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રિ.અ.) ફરમાવે છે કે, મેં રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ને આપની મુબારક ઝબાનથી ઘણી વાર આ કલામ કહેતા સાંભલા છે કે, અલ્લાહતઆલાએ જે મુજબ મને પાઁચ ચીઝો આપેલી છે, તેમ મારા વલી અલીને પણ પાઁચ ચીઝોથી નવાઝેલા છે. તે એ છે કે, (૧) મને નબી બનાવેલો છે અને અલીને મારા વસી બનાવેલા છે. નબી અને વસી, શરીઅતના સિક્કાના બે રૂખ છે. બેવેને જુદા કરવા યાઅની શરીઅતને મુકવા મુજબ છે. (૨) અલ્લાહતઆલાએ મને કુરઆને કરીમ-જવામેઉલ કલેમ અતા કીધા અને અલીને તમામ ઊલૂમ-જવામેઉલ ઈલ્મ અતા કીધા. કુરઆન નબવી ઈલ્મના લફઝી ખઝાના છે અને અલી તે ઈલ્મના અમલી ખઝાના છે. આ બેવે ઈલ્મના સબબ દુનિયાના વહેવાર અને કારોબારમાં ઈન્સાફ બાકી છે. (૩) આબે કૌસરથી મને ખાસ કરવામાં આવો છે અને અલીને આબે સલસબીલથી. મુમિનની ઝાહિરી અને બાતિની ઝિંદગી કૌસર અને સલસબીલ ઉપર મબ્ની છે. **કૌસર આ દુનિયામાં આલે મોહંમદ છે અને આખેરતમાં સલસબીલ.** આલે મોહંમદથી મોહબ્બત કરવી યાઅની કૌસર-સલસબીલના પાકીઝા પાનીને નૌશ ફરમાવ્યું છે. (૪) કુરઆને કરીમની વહ્યની ફઝીલત મને અતા થઈ અને અલીને કુરઆની તાઅલીમાત પર લોગોને રૂશ્દો હિદાયત દેવા ઈલ્હામ અતા થયો. વહ્ય નબીના ગુઝરવા બાદ બંધ થઈ જાય છે પણ ઈલ્હામે ઈલાહીનું થાવું હર વક્ત બાકી રહે છે. જહાઁ તક આ દુનિયામાં આલે નબીમાં ઈમામત છે વહાઁ તક ઈલ્હામ છે. (૫) અલ્લાહતઆલાએ મને કાઅબતુલ્લાહના દરવાઝાના રૂકન પર હજરે અસ્વદ મુકવા વાસ્તેનો મૌકો ઈનાયત કીધો અને અલીને તે કાઅબાના અંદર એક પત્થરના નઝદીક વિલાદત નસીબ કીધી. યાઅની મને દીને હક્ક ઈસ્લામની ઝાહિરી દાઅવત અતા કીધી અને મારા અલીને બાતિની દાઅવત.

(બકીયાહ પેજ નં. ૧૫ પર)

**નોંધ : મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની CD મુલ્લાં ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ☆

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.